# "સાગર ખેડૂ સર્વાંગી વિકાસ કાર્યક્રમ"

સમગ્ર દેશમાં ગુજરાત એકમાત્ર સૌથી લાંબો દરિયા કિનારો ધરાવતું રાજ્ય છે. રાજ્યના ૧૬૬૦ કિલોમીટર લાંબા દરિયા કિનારાના વિસ્તારોમાં પીવાના પાણીની અવાર-નવાર તંગી/સમસ્યા સર્જાય છે.

આ વિસ્તારના ભૂગર્ભ જળ ઉંડા ઉતરવાને કારણે આ ભૂગર્ભ જળની જગ્યાએ મીઠા પાણીને બદલે દરિયાનું ખારૂ પાણી આવવા લાગતાં હયાત ભૂગર્ભ જળ અવારનવાર બીન-પીવાલાયક થઇ જાય છે.

સાગરખેડૂ વિસ્તારના તમામ ફળિયાઓને "શુધ્ધ અને પૂરતું પીવાલાયક પાણી" પહોંચાડવા માટેના હેતુલક્ષી આયોજનના ભાગરૂપ **"સાગર ખેડૂ સર્વાંગી વિકાસ કાર્યક્રમ"** વર્ષ ૨૦૦૭-૦૮થી શરૂ કરેલ છે.

સદર કાર્યક્રમ અંતર્ગત માળખાગત સુવિધાઓના વિકાસ દ્વારા તમામ વિસ્તારના પીવાના પાણીની મુશ્કેલીવાળા ગામોને મુખ્યત્વે **"સરદાર સરોવર નર્મદા કેનાલ આધારિત"** જુથ ગ્રામ્ય પાણી પુરવઠા યોજનાઓ સાથે જોડવાનું મહત્વાકાંક્ષી આયોજન છે તેમજ લોકભાગીદારી થકી ગામની આંતરિક પાણી પુરવઠા વ્યવસ્થાપન દ્વારા લોકોને ઘર સુધી પીવાનું પાણી પહોંચાડવાનું અને "પાણી સમિતિ"ઓ દ્વારા તેના સંચાલનની કામગીરીનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત, ખારાશનો ભોગ બનેલ અને વિવિધ જુથ પાણી પુરવઠા યોજનાઓના પાણી મેળવવામાં મુશ્કેલીઓ અનુભવતા ગુજરાતના છેવાડાના ગામડાઓને આધુનિક **Reverse Osmosis (R.O.) Plant** સ્થાપી પીવાનું પાણી પૂરૂ પાડવાની નેમ છે. સાથે સાથે જળના સ્થાનિક સ્ત્રોતો અને જળશંસાધનોના વિકાસ થકી પાણી પુરવઠા ક્ષેત્રે ટકાઉ વ્યવસ્થા ઉભી કરવાની કામગીરી પણ કરવામાં આવે છે.

ઉપરોકત કામગીરી હાથ ધરવા પાણી પુરવઠા પ્રભાગના સામાન્ય બજેટમાંથી વર્ષવાર નીચે મુજબની નાણાંકીય રકમ અંકિત કરવામાં આવેલ છે.

( રૂપિયા કરોડમાં)

| અ.નં. | વર્ષ | અંકિત રકમ | થયેલ ખર્ચ |
|---|---|---|---|
| (1) | 2007-08 | 152.00 | 157.40 |
| (2) | 2008-09 | 275.00 | 259.68 |
| (3) | 2009-10 | 299.00 | 302.16 |

ચાલુ વર્ષ ૨૦૧૦-૧૧ માટે રૂપિયા ૨૨૦.૦૦ કરોડ સાગર ખેડૂ સર્વાંગી વિકાસ કાર્યક્રમ માટે અંકિત કરવામાં આવેલ છે.